# શહેરમાં હજારો લીટર પાણીનો વેડફાટ

## પાણીની પાઈપલાઈનમાં ભંગાણ પડતા સે. ૨૭માં કાદવ-કીચડના દૃશ્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં સેક્ટર-૨૭ની પ્રાઈમરી સ્કૂલ તરફના માર્ગ પાસે પાઈપલાઈનમાં ભંગાણ પડતા પાણીનો વ્યય થઈ રહ્યો છે. ઉનાળામાં એક તરફ પાણીની તંગી જોવા મળતી હોય છે ત્યારે અહીંયા મોટા પ્રમાણમાં પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. પાણીનો બગાડ થવાની સમસ્યાઓ શહેરમાં અવારનવાર સર્જાતી જોવા મળી રહી છે. છેવાડાના વિસ્તારમાં નાગરિકોને પીવાનું પાણી મળતુ નથી અને નાગરિકોને પીવાના પાણી માટે રઝળપાટ કરવો પડી રહ્યો છે ત્યારે અહીંયા પાણીનો બગાડ થઈ રહ્યો હોવાની વાત સામે આવી છે. પાઈપલાઈન તૂટી જવાથી હજારો લીટર પાણીનો વ્યય અને સાથે સાથે આ વિસ્તારમાં કાદવ-કીચડ થઈ ગયો છે.

શહેરમાં ઉનાળામાં પણ જાણે ભરપૂર વરસાદ પડ્યો હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. કાદવ-કીચડથી આ વિસ્તારમાંથી પસાર થતા શહેરીજનો પરેશાન થઈ રહ્યા છે. રાત્રી દરમિયાન જમ્યા બાદ વોકિંગ માટે નીકળતા નાગરિકો પણ ભૂલથી કાદવ-કીચડમાં પગ પડી જતા હેરાન થઈ જાય છે. શહેરમાં ચાલતા પાઈપલાઈનોના આ વિકાસ કાર્યોમાં દર વખતે આવી સમસ્યાઓ ઉભી થાય છે. નદીઓની જેમ પાણી વહી જાય છે ત્યાં સુધી તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. જવાબદાર અધિકારીઓને ફોન મારફતે જાણ કરવામાં આવતા જવાબદાર અધિકારીઓ કે કર્મચારી જવાબ આપતા નથી તેવી ફરિયાદો ઉઠી હતી. પાણીની અછત ધરાવતા વિસ્તારોમાં લોકો પાણીનું જીવની જેમ જતન કરે છે ત્યારે બીજી બાજુ પાણી પુરવઠાતંત્રની લાપરવાહીના કારણે સેક્ટર-૨૭ માં લાખો લીટર પાણીનો સરેઆમ બગાડ થઈ રહ્યો છે. ત્યારે પાણી પુરવઠાતંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે તૂટેલી પાઈપલાઈનનું સમારકામ કરાવીને પાણીનો વ્યય થતો અટકાવે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં આજે દિવસ દરમ્યાન ગઈ રાતથી શરૂ થયેલા વૈશાખી વાયરાને પગલે ક્યાંક ક્યાંક ધૂળિયુ નગર દેખાયુ હતુ તો ક્યાંક આંધીનગર બન્યુ હોય તેવુ લાગતુ હતુ.

● પંચદેવ મંદિર પાસે ગઈકાલે સે. ૨૧ તરફ જવાનો અડધો રસ્તો પૂરણની કામગીરી પછી આજે ખુલ્લો મુકાયો હતો.

● સે. ૨૯માં ક્યાંક ઓછા ફોર્સથી તો ક્યાંક પાણીનો પુરવઠો પુરા સમય સુધી ન મળ્યાની ફરિયાદો ઉઠી હતી.

● આજે જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્યો હાજર રહી શક્યા ન હતા.

● કોરોના પ્રતિકાર માટે વેક્સિનેશનના મહા અભિયાનને લઈ આજે આરોગ્યતંત્ર સતત દોડતુ રહ્યુ હતુ.

● સમગ્ર શિક્ષા અભિયાનના એડીશનલ ડાયરેક્ટર સુશ્રી જયશ્રીબેન દેવાંગન બે માસ માટે વિદેશમાં વસતા દિકરાને મળવા ગયા છે.

● સે. ૭ વસાહત મંડળ આયોજિત ૧૧ દિવસની યોગ શિબિરની આજે પુણ્યાહૂતિ થઈ છે. શિબિરાર્થીઓએ સરસ શિક્ષણ માટે યોગ શિક્ષક અને વસાહત મંડળનો આભાર માન્યો હતો.

● આજે જિલ્લાતંત્ર આખો દિવસ બેઠકોમાં વ્યસ્ત હતુ.

● સચિવાલય તેમજ જિલ્લાની કચેરીઓમાં આજે મુલાકાતીઓની સંખ્યા ઓછી હોવાથી ટ્રાફિક ભારણ પણ ઓછુ રહ્યુ હતુ.

● આજે વિશ્વ ચા દિવસને લઈ ચા ની ચુસકીઓ પાટનગરવાસીઓએ માણી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હવે દારૂની બોટલનાં ગેરકાયદેસર કામ નથી કરવા... આપણે ગેસના સીલીંડરમાં પડીએ....!!!

## જુના સચિવાલયના બ્લોક નં.૧૭ ખાતે લીકેજના કારણે પાણીનો વેડફાટ

ગાંધીનગર, તા.૨૧

આકરો ઉનાળો તેની ચરમસીમાએ છે અને રાજ્યમાં કેટલાંક વિસ્તારોમાં ગ્રામીણ વિસ્તારોમાં પાણીના પોકાર ઉઠી રહ્યાં છે, ગાંધીનગરમાં પણ કેટલાંક વિસ્તારમાં પાણીની સમસ્યા અંગે ફરિયાદો ઉઠવા પામે છે. શહેરમાં ભૂગર્ભ જળના સ્તર ઉંડા જઈ રહ્યાં છે જેના પગલે પ્રકૃતિ નિષ્ણાંતો અને પર્યાવરણ પ્રેમીઓ દ્વારા વારંવાર જળ બચાવવા જાહેર અપીલો કરવામાં આવે છે. રાજ્ય સરકાર પણ જળ સંચય અભિયાન અને તળાવો ઉંડા કરવા સહિત પાણી બચાવવાની વાતો કરે છે પરંતુ બીજી તરફ રાજ્ય સરકારની કચેરીઓમાં પાણીની રેલમછેલ સાથે પાણીનો વેડફાટ થતો જોવા મળે છે. પાટનગરના જુના સચિવાલય તરીકે ઓળખાતા ડો.બળવંતરાય મેહતા ભવનના બ્લોક નં. ૧૭ ખાતે કાર્યરત ડીપાર્ટમેન્ટ ઓફ એકાઉન્ટ એન્ડ ટ્રેઝરીની કચેરી ખાતે સર્વિસ બુક શાખામાં કોન્ફરન્સ રૂમમાં લીકેજ હોવાને કારણે પાણીની રેલમછેલ જોવા મળી રહી છે. આ લીકેજને કારણે પાણીનો અઢળક વેડફાટ થઈ રહ્યો છે જેને અટકાવવા સત્વરે સમારકામ કરવું જરૂરી જણાઈ રહ્યું છે.

## બાલવા ગામે યુવાનોએ શરૂ કરેલી ડોર-ટુ-ડોર વેસ્ટ કલેક્શન સેવાને બે વર્ષ પૂર્ણ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના બાલવા ગામે યુવાનો દ્વારા શરૂ કરવામાં આવેલી ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શનની સેવાને બે વર્ષ પુરા થયાં છે. બાલવા યુથ ફાઉન્ડેશનના નેજા હેઠળ ચાલતો આ પ્રોજેક્ટ ગ્રામીણ વિસ્તારમાં કોઈ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ડોર ટુ ડોર કચરો ઉઘરાવવાનો પ્રથમ પ્રોજેક્ટ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

બાલવા યુથ ફાઉન્ડેશનના જાગૃત યુવાનો દ્વારા પોતાના ગામમાં આજથી બે વર્ષ પહેલા સ્વચ્છતા જળવાય અને ગ્રામજનોના આરોગ્ય જળવાય તેમજ સુખાકારીમાં વધારો થાય તે હેતુથી ઘરે ઘરેથી કચરો ઉઘરાવવાની સેવા શરૂ કરવામાં આવી હતી. આ યોજનાની શરૂઆત યુવાનોએ ઉછીના નાણાંથી ભાડે લાવેલા વાહન દ્વારા શરૂ કરી હતી અને અનેક મુશ્કેલીઓ-પડકારોનો સામનો કરતા તેમણે ગ્રામજનોના પ્રારંભિક વિરોધ કે વાંધા વચકાંને સફળ રીતે પાર પાડીને બાલવા ગામમાં સફળતાપૂર્વક વેસ્ટ કલેક્શન યોજનાના બે વર્ષ પૂર્ણ કર્યા છે. પારદર્શિતા અને સેવાભાવના સાથે કટિબદ્ધતા દાખવી વિવિધ દાતાઓ તેમજ સંસ્થાઓના સહયોગથી આ પ્રોજેક્ટ ઉપરાંત બાલવા યુથ ફાઉન્ડેશને બ્રહ્મદારણ્ય વનીકરણ બ્લોક, વિજ્ઞાન લેબોરેટરીના સાધનો, કોરોના કાળમાં મહત્વની સેવાઓ સહિત વિવિધ સેવા કાર્યો પાર પાડ્યા છે અને સંસ્થાને વટવૃક્ષ બનાવી છે. જે અન્ય ગ્રામીણ ઉપરાંત શહેરી વિસ્તારો માટે પણ પ્રેરણારૂપ બની શકે છે.

## મહાગુજરાત દશનામ ગોસ્વામી મહામંડળના પ્રમુખ તરીકે સંજય ગોસ્વામીની વરણી

ગાંધીનગર તા ૨૧

મહાગુજરાત દશનામ ગોસ્વામી મહામંડળની કારોબારી, ટ્રસ્ટીઓ સહીત સમાજના

અગ્રણીઓની એક બેઠક યોજવામાં આવી હતી. સમાજના મહેન્દ્રગીરી દોલતગીરી ગોસ્વામીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠક દરમિયાન મનસુખગીરી ગોસ્વામી તેમજ મહેન્દ્રગીરી ગોસ્વામી સહીત અન્ય અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં મંડળના હોદેદારો અને સભ્યો હાજર રહ્યા હતા. આ બેઠક દરમિયાન મહાગુજરાત દશનામ ગોસ્વામી મહામંડળના પ્રમુખ તરીકે ગાંધીનગરના યુવા અગ્રણી સંજયગીરી ગોસ્વામીની વરણી કરવામાં આવી છે. મહામંત્રી તરીકે રાજકોટના મહેન્દ્રગીરી કે ગોસ્વામી, સહમંત્રી તરીકે ખંભાતના હેમંતગીરી ગોસ્વામી, કારોબારી સદસ્ય તરીકે અશોકગીરી એમ ગોસ્વામી ,સુરેશપુરી એન ગોસ્વામી, લુણાવાડાના કમેલશગીરી ગોસ્વામીની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. વધુમાં બેઠક દરમિયાન આગામી છ મહીનામાં ગુજરાત પ્રદેશ ખાતે મહાઅધિવેશન બોલાવવા અને વહીવટી કામગીરી પુર્ણ કરવા માટે પણ સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો.

## મુંદ્રા પોર્ટથી અમેરીકા ફર્નિચરનો સામાન મોકલવા જતા વડીલ સાથે રૂ.૧૪.૫૦ લાખની છેતરપિંડી

### ફર્નિચર મોકલી આપવા ભાડા પેટે બે વ્યકિતએ રૂપીયા પડાવ્યા, સેક્ટર-૨૧ પોલીસ મથકે મુદ્રાના બે વ્યકિત સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૧

ફર્નિચરનો માલસામાન મુંદ્રા પોર્ટ પરથી અમેરીકા મોકલી આપવા માટેના ભાડા પેટે મુંદ્રાની ગંગાવટી લોજીસ્ટીક અને બેન્ચ માર્ક શીપીંગ એન્ડ લોજીસ્ટીક ના બે શખ્સોએ ગાંધીનગરના વડીલનું રૂ.૧૪.૫૦ લાખનું ફુલેકુ ફેરવતા સેકટર-૨૧ પોલીસ મથકે વડીલે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૮ મયુર એપાર્ટમેન્ટની બાજુમાં પ્લોટ નં.૨ ખાતે રહેતા ૬૬ વર્ષિય પ્રકાશ ચતુરભાઈ પટેલનો દિકરો અપૂર્વ અમેરીકા ખાતે રહે છે. અમેરીકામાં અપૂર્વે મકાન ખરીદ્યુ હોવાથી ઉદેપુરમાં ફર્નિચર બનાવડાવ્યું હતું. જે ફર્નિચર અમેરીકા મોકલી આપવા માટે પ્રકાશભાઈએ તપાસ કરી રહ્યા હતા. આ દરમિયાન માર્ચ ૨૦૨૧ માં મિત્ર વર્તુળની પાર્ટીમાં ગીતાબા ચૌહાણે મુંદ્રા પોર્ટના સુરેન્દ્ર ગંગાસ્વરૂપ કૌશીક (ગંગા સ્વરૂપ લોજીસ્ટીક અશોકવાટીકા શોપ નંબર-૩) નો સંપર્ક કરાવી આપ્યો હતો. ત્યારબાદ સુરેન્દ્રએ ૮૦૫૦ ડોલરનું કોટેશન મોકલી આપ્યુ હતું. જેથી પ્રકાશભાઈએ પુત્ર સાથે વાતચીત કરીને ફર્નિચર ઉદેપુરથી મુંદ્રા મોકલી આપ્યું હતું. જે સુરેન્દ્રએ પોર્ટ પરથી છોડાવી દીધુ હતું. બાદમાં અપૂર્વે તા.૨૨-૬-૨૧ ના રોજ રૂ.૫.૧૦ લાખ સુરેન્દ્રની કંપનીના_એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી આપ્યા હતા. પરંતુ કોરોના કાળ હોવાનું કહીને કન્ટેનર મળતા નથી ને શીપો આવતી નથી. જેથી પ્રકાશભાઈએ વિશ્વાસ રાખીને બેઠા હતા. ઓગસ્ટ ૨૦૨૧ માં સુરેન્દ્રએ કોરોના પગલે ભાડામાં વધારો થઈ ગયો છે તેમ જણાવી બીજી ૧૦ લાખ ૧૨ હજારનું કોટેશન આપ્યું હતું. જયારે ફર્નિચર રીપેરીંગના અલગ પૈસા આપવા પડશે નહી તો ફર્નિચર પરત લઈ જવાની વાત કરી હતી. જેથી અમેરીકામાં અપૂર્વએ ૮૧૦૦ ડોલર સુરેન્દ્રના ખાતામાં કુલ રૂ.૧૧.૧૭ લાખ ટ્રાન્સફર કરી દીધા હતા. તેમ છતા પણ અમેરીકા ફર્નિચર મોકલી આપ્યું ન હતું. પ્રકાશભાઈએ ફર્નિચર પેટે આપેલા રૂપીયા પરત માંગતા સુરેન્દ્ર તૈયાર થયો હતો. અમેરીકા ફર્નિચર મોકલી આપવા તૈયારી દર્શાવી મુંદ્રાની બેન્ચમાર્ક શીપીંગ લોજીસ્ટીક દ્વારા ફર્નિચર મોકલી આપ્યું હોવાની વાત કહી હતી. બેંચ માર્ક શીપીંગ લોજીસ્ટીકના કર્મચારી મયુરભાઈએ ફોન કરીને કહ્યું કે અમને ભાડુ મળ્યુ નથી જેથી તમારે ફર્નિચર મોકલી આપવુ હોય તો રૂ.૧૬ લાખ ૫૯ હજાર ઈનવોઈસ મોકલી આપો. જેથી પ્રકાશભાઈએ બેન્ચ માર્કના અમિત માલીના એકાઉન્ટમાં રૂ.૯ લાખ ૩૬ હજાર ટ્રાન્સફર કર્યા પછી ફર્નિચર અમેરીકા મોકલી આપવામાં અવાયું હતું. આ બંન્ને કંપનીના માલિકોએ પ્રકાશભાઈ સાથે રૂ.૧૪.૫૦ લાખની છેતરપિંડી આચરતા સેકટર-૨૧ પોલીસ મથકે બે શખ્સો સામે ફરીયાદ નોંધાઈ છે.

### ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને

## નાગરિક પુરવઠા, ગ્રાહક સુરક્ષા અને જિલ્લા તકેદારી સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર,

ગાંધીનગર જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ અને જિલ્લા તકેદારી સમિતિની બેઠક આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

આ બેઠકના આરંભ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ.કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, અરજદારો દ્વારા જે પ્રશ્નોની રજૂઆત થાય છે. તેને ધ્યાનથી સાંભળવી, તેમજ અરજદાર દ્વારા રજૂ કરવામાં આવેલા તેમના પ્રશ્નો પર યોગ્ય તપાસ કરવા પણ સંબંધિત અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું. તેમજ રેશનીંગનું અનાજ સાચા લાભાર્થીઓને જ મળે તેની ખાસ તકેદારી રાખવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

જિલ્લા કલેકટરશ્રીએ તમામ તાલુકાઓમાં પીડીએસ વેબસાઇટમાં થયેલ મોબાઇલ રજીસ્ટ્રેશનની કામગીરી ઝડપી કરવા સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. આ

કામગીરીમાં બાંધા રૂપ બનતી ટેકનિકલ બાબતોનો ઝડપી નિકાલ થાય તે માટે સંબંધિત અધિકારીને ભારપૂર્વક જણાવ્યું હતું.

આ બેઠકમાં ઈ.એફ.પી.એસ. અંતર્ગત થયેલ ઈ- ટ્રાન્ઝેકશનની સંખ્યા, ગાંધીનગર જિલ્લાના કુલ કેટેગરીવાઇઝ રેશનકાર્ડ, એન.એફ.એસ.એ. કેટેગરીવાઇઝ રેશનકાર્ડ, એન.એફએસ.એસ. એક્ટ અંતર્ગતની વિગત (એપ્રિલ-૨૦૨૨ અંતિત), રેશનકાર્ડ સાથે આધારકાર્ડને લીંક કરવાની બાકી કામગીરી, કાનુની માપ વિજ્ઞાન તંત્રની કામગીરીની સમીક્ષા, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા એપ્રિલ- ૨૦૨૨ માસના અંતિત થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી સહિત સંબંધિત અધિકારી અને સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## મગોડી રાહેલબા વૃધ્ધાશ્રમના વડીલોને ભોજન જમાડ્યું

ચિલોડા, તા. ૨૧

રાહેલબા વૃધ્ધાશ્રમમાં રાહી ફાઉન્ડેશનના ઉપક્રમે સંસ્થાના અધ્યક્ષ જયેશ પરીખના જન્મ દિવસની ઉજવણી પ્રસંગે ૬૦ જેટલા બા-દાદાને લાડુ, ભજીયા, રોટલી, દાળ-ભાત-શાકનું ભોજન, ત્રણ સીલિંગ ફેન, ૧૨૦ પેકેટ સુકો નાસ્તો, ૧૪૪ પેકેટ બિસ્કિટ, ૧૨૦ ડાઈપર, ન્હાવાના અને ધોવાના સાબુ, કાંસકા, હેર ઓઈલ તથા અન્ય પ્રસાધન, ૪ કિલો ખજૂર તથા ચોકલેટ જેવી જરૂરિયાત મુજબ સામગ્રી અર્પણ કરવામાં આવી હતી.

બા-દાદાના સાનિધ્યમાં સંગીતનો આનંદ માણ્યો હતો. રાહેલબા વૃધ્ધાશ્રમ તરફથી સુંદર વ્યવસ્થા શ્રીમતી નિર્મલાબેન અને યશવંતસિંહ ઝાલાએ પૂરી પાડી હતી. રાહી ફાઉન્ડેશન તરફથી જયેશ પરીખ, નિહારિકા પરીખ, દિલિપ પરીખ, ઈન્દિરા ગાંધી, જનક પરીખ, બીના દેસાઈ, સ્નેહા શાહ, અતુલ શાહ, નીરજ ભગત, ઉનીતાબેન, સુશિલાબેન હાજર રહી સહયોગી સમગ્ર દાતાનો આભાર માન્યો હતો.

## રેશનકાર્ડ ધારકોને તેમના રેશનકાર્ડ સંબંધિત કોઈપણ માહિતી "My Ration" Mobile app પરથી મેળવી શકશે

ગાંધીનગર, તા. ૨૧

જાહેર વિતરણ વ્યવસ્થામાં નાગરિકોને સુગમતા રહે તે હેતુસર ભારત સરકાર દ્વારા "Mera Ration" Mobile App તૈયાર કરવામાં આવી છે. તેમજ જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શક અને અસરકારક બનાવવા તથા નાગરિકોને રેશનકાર્ડની ઓનલાઈન સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવા વહીવટી સુધારણાના ભાગરૂપે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ ધ્વારા ફ્રેંઝ-ચ્ચ્ઢ્ઢ્ઢ્ના સહયોગથી ભારત સરકારની "Mera Ration" Mobile app ના આધારે "My Ration" Mobile app તૈયાર કરવામાં આવી છે, તેવું જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ જણાવ્યું છે.

જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ વધુમાં જણાવ્યું છે કે, આ ગવર્નમેન્ટ ટુ સિટીઝન (G2C) એપ્લિકેશન છે. જેમાં જાહેર વિતરણ વ્યવસ્થા અને રેશનકાર્ડને લગતી જુદી- જુદી માહિતી ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. "My Ration" Mobile app રેશનકાર્ડધારકોની સ્થાનિક જરૂરીયાત ધ્યાને લઈને ડિઝાઈન કરવામાં આવી છે, જેમાં દરેક દ્રહ્લજીછ રેશનકાર્ડધારક તેના રેશનકાર્ડની વિગતવાર માહિતી, પરિવારના સભ્યોની વિગતો, પોતાને મળવાપાત્ર જથ્થાની વિગત, જથ્થાની કિંમત, છેલ્લા ૬ માસના જથ્થાના વિતરણની વિગત વગેરે પ્રકારની પ્રાથમિક માહિતી મેળવી શકે છે.

મોબાઈલ એપ્લિકેશનની વિગતો આપતાં તેમણે જણાવ્યું છે કે, એપ્લિકેશનમાં વપરાશકર્તાએ મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈ.ડી.નો ઉપયોગ કરીને પોતાને રજીસ્ટર કરાવવાનું રહેશે. અહી મોબાઈલ નંબર ફરજીયાત રહેશે. દરેક રેશનકાર્ડધારક પોતે વાપરતા હોઈ તે જ મોંબાઈલ નંબર દાખલ કરે તે ખુબ જરૂરી છે. નોંધણી પછી વપરાશકર્તા એપ્લિકેશનમાં પ્રવેશ કરી શકે છે. મોબાઈલ એપ્લિકેશનની વિગતો આપતાં તેમણે જણાવ્યું છે કે, એપ્લિકેશનમાં વપરાશકર્તાએ મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈ.ડી.નો ઉપયોગ કરીને પોતાને રજીસ્ટર કરાવવાનું રહેશે. અહી મોબાઈલ નંબર ફરજીયાત રહેશે.

## બજરંગ દળે મહિલાઓને વિના મૂલ્યે 'ધ કનવર્ઝન' ફિલ્મ દેખાડી

ગાંધીનગર જિલ્લાના બજરંગદળના સંયોજક શક્તિસિંહ ઝાલા, ગણપતસિંહ વાઘેલા અને અન્ય કાર્યકરો દ્વારા સે.૨૧ ખાતેના સિનેમા ગૃહમાં તાજેતરમાં મહિલાઓને વિના મૂલ્યે 'ધ કનવર્ઝન' ચલચિત્ર બતાવવામાં આવ્યું હતું તેમજ લવ જેહાદ જેવા ષડયંત્રોથી સતર્ક સાવધાન રહેવાની અપીલ કરવામાં આવી હતી. જન જાગૃતિ હેતુ બતવાયેલ આ ચલચિત્રના માધ્યમથી બજરંગદળ ટીમ દ્વારા વિધર્મીઓ દ્વારા ચલાવતા લવ જેહાદની માહિતી આપી હતી તેમજ આવા કોઈ પ્રકરણ સમાજમાં ગાંધીનગરમાં જોવા મળે તો બજરંગદળને ધ્યાન દોરવા શક્તિસિંહ ઝાલાએ અપીલ કરી હતી. પ્રથમ પ્રયાસમાં આશરે ૫૦થી વધુ મહિલાઓને ફિલ્મ દેખાડવાં આવી હતી.

## ગાંધીનગર જિલ્લાના પ્રિમોન્સુન પ્લાન તૈયાર કરવા સબંધિત અધિકારીઓ સાથે જિલ્લા કલેકટરની બેઠક યોજાઈ

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગર જિલ્લાનો પ્રિમોન્સુન પ્લાન તૈયાર કરવા માટે આજરોજ જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને જિલ્લાના અધિકારીઓની બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેકટરશ્રીએ પ્રિમોન્સુનની તૈયારીઓ માટે જિલ્લાના મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ

અધિકારીશ્રીઓ, નગરપાલિકાના ચીફ ઓફિસરોને ગ્રામ્ય અને નગર ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અપડેટ કરવા, તરવૈયા અને રેસ્ક્યુ ટીમો તૈયાર કરવા, પૂરના કારણે સ્થળાંતર થયેલ હોય તેવા વિસ્તારો ચકાસી વૈકલ્પિક વ્યવસ્થા કરવા, નીચાણવાળા વિસ્તારોના ઝૂંપડાઓમાં વસતા નાગરિકોને ભારે વરસાદ કે પૂરની સ્થિતિમાં સમયસર ચેતવણી મળે અને સલામત સ્થળે ખસેડવા સુરક્ષિત સ્થળો ચકાસવા જી.ઈ.બી. પાણી પુરવઠા, સિંચાઈ અને એસ.ટી. વિભાગ સાથે સંપર્કમાં રહેવા તથા ટેલિફોન નંબરો અપડેટ કરવા જણાવ્યું હતું.

કલેકટરશ્રીએ જિલ્લામાં આવેલી કાંસની સફાઈની કામગીરી ખાસ કરવા જણાવ્યું હતું. આ અંગે થયેલ કામગીરીની વિગત પણ સંબંધિત અધિકારી પાસે માંગી હતી.

કલેકટરશ્રીએ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને રોગચાળો ન ફેલાય તે માટે સ્વાસ્થ્ય સબંધિત તાકીદના પગલાં માટે મેડિકલ ટીમો સાથે દવાઓના પૂરતો જથ્થો ઉપલબ્ધ રાખવા જણાવ્યું હતું.

યુ.જી.વી.સી.એલ.ના કા.પા.ઈ.શ્રીને વીજ પુરવઠો જાળવી રાખવા, વાવાઝોડાના કારણે પડી ગયેલ ઈલેકટ્રીક થાંભલા ઉભા કરવા તેમજ વીજ પૂરવઠો પૂર્વવત થાય તે માટે તમામ વ્યવસ્થાની તૈયારીઓ કરવા જણાવ્યું હતું. નગરપાલિકાના ચીફ ઓફિસરોને જેસીબી મશીન, બુલડોઝર, પાણીના ટેકર તેમજ મજૂરો તૈયાર રાખવા, જાન-માલના કિસ્સામાં મૃતદેહો સંભળવા, સોંપવા તથા નિકાલ કરવાની તૈયારીઓ રાખવા જણાવ્યું હતું.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને આશ્રયસ્થાનો માટે ઉપયોગમાં લેવાની શાળાઓના મકાનની ચકાસણી કરવા અને શાળાઓમાં અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન કરવા પણ કલેકટરે જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુરભિ ગૌત્તમ, નિવાસી અધિક કલેકટરશ્રી રીતુ સિંગ, નાયબ જિલ્લા પોલીસ વડા શ્રી એમ.જે. સોલંકી, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા સહિત તમામ જિલ્લા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નામ બદલેલ છે

મારું નામ ચૌધરી હેમાંગીબેન નારાયણભાઈ હતું જે બદલીને ચૌધરી હેમાંગી નારાયણભાઈ કરેલ છે.

ગામ : મકાખાડ,
તા. માણસા, જી. ગાંધીનગર

- ચૌધરી હેમાંગી